# ભાજપની નિષ્ફળતાઓ હવે છાપરે ચડી પોકારી રહી છે : ચાવડા

## મોંઘવારીના મુદ્દે જરૂર પડ્યે ઉગ્ર આંદોલનની ચીમકી આપતા પ્રદેશ પ્રમુખ





ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત જ નહિ પણ દેશમાં ભાજપ શાસનની નિષ્ફળતાઓએ મોંઘવારી વધી છે એટલુ જ નહિ કોરોનાની બીજી લ્હેરમાં નિષ્ફળતાને કારણે જે અવ્યવસ્થાઓ સર્જાઈ હતી તેમાં અસંખ્ય લોકોએ તેમના જીવ ગુમાવ્યા છે તેવો ગંભીર આક્ષેપ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમીત ચાવડાએ કર્યો છે.

તેમણે જણાવ્યુ હતુ કે ૪૩ વખત પેટ્રોલ ડીઝલના ભાવ છેલ્લા ૩ માસમાં વધારવામાં આવ્યા છે. પેટ્રોલના ભાવ રૂ. ૧૦૦ ને પાર કરી ગયો છે. ડીઝલના ભાવ પણ ગમે ત્યારે ૧૦૦ રૂ.ને પાર કરી જશે. ગેસના સિલિન્ડરનો ભાવ ૮૨૫ રૂ. અને ખાદ્યતેલનો ડબ્બો ૨૮૦૦ રૂ.ને પાર કરી જતાં મધ્યમ વર્ગનું બજેટ ખોરવાઈ જવા પામ્યુ છે. મોંઘવારીથી ત્રસ્ત બનેલ પ્રજાની વેદનાને વાચા આપવા અને આ અસંવેદનશીલ સરકારને જગાડવા માટે આજે કોંગ્રેસે ધરણાનો કાર્યક્રમ આપ્યો છે. જરૂર પડ્યે આંદોલન ઉગ્ર બનાવવામાં આવશે એમ પણ તેમણે કહ્યુ હતુ.

ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિ આયોજિત ધરણા અને વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવા આવેલા ચાવડાએ કોરોનામાં આરોગ્યની સુવિધાઓ ઉભી કરવામાં સરકાર નિષ્ફળ રહી છે. વિકાસની વાતો કરનારી સરકાર પ્રજાને દવા, ઓક્સિજન અને વેન્ટીલેટર આપી શકી ન હતી અને ગુજરાતમાં અસંખ્ય લોકોએ તેમના જીવ ખોયા છે.

આજે યોજાયેલા આ ધરણા દેખાવોના કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખ અમીત ચાવડા, વિધાનસભા જાહેર હિસાબ સમિતિના ચેરમેન પુંજાભાઈ વંશ, ધારાસભ્યો બળદેવજી ઠાકોર, ડૉ. સી.જે. ચાવડા, પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસ, જિલ્લા પ્રભારી વંદનાબેન પટેલ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ, શહેર કોંગ્રેસ પ્રમુખ પ્રદીપસિંહ વાઘેલા, બાબુસિંહ ઠાકોર, કામીનીબેન રાઠોડ, પંચાયત વિપક્ષના નેતા રશ્મીજી ઠાકોર, મનપા વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, ચીમનભાઈ વિંઝુડા, પંકજભાઈ પટેલ, રાકેશભાઈ પટેલ, ઉર્પલભાઈ જોશી, વસંતભાઈ પરમાર, જગતસિંહ ચૌહાણ, અરવિંદભાઈ પટેલ, હસમુખભાઈ મકવાણા, હેમલત્તાબેન પરમાર, કુંતલબેન રાવલ, રાજેશ પ્રજાપતિ, પ્રેમબા હાડા, યુવરાજસિંહ રાણા, મુકેશ મારૂ, અંકિત બારોટ, જીતેન્દ્રસિંહ સોલંકી, ગિરવતસિંહ ચાવડા, ભૂપેન્દ્રસિંહ રાઠોડ, વૃંદાબેન પુરોહિત, હિતેશ ઝાલા સહિતના કાર્યકરો જોડાયા હતા. દેખાવો અને ધરણા દરમ્યાન સોશ્યલ ડિસ્ટન્સીંગની ગાઈડલાઈનના ધજાગરા ઉડ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- સ્વચ્છતા સર્વેક્ષણને લઈ આજે નાયબ મ્યુનિ. કમિશનરે સેનીટાઈઝેશન શાખાના અધિકારીઓ સાથે બેઠક યોજી સ્વચ્છતાની ચાલી રહેલી કામગીરી અંગેની વિગતો મેળવી સમીક્ષા કરી હતી.
- મનપા વિસ્તારમાં ૩૧ હોટલ, ૪ રિસોર્ટ, ૬૭૫ રેસ્ટોરન્ટ, ૮ થિયેટર, ૧૮ જિમને અંદાજે રૂ. ૧.૫૦ કરોડની રાહત પ્રોપર્ટી ટેક્ષમાં મળશે.
- માણસા તાલુકાના વિવિધ ગામોના આંતરિક માર્ગો માટે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ૧૦ કરોડના કામો મંજૂર કરવામાં આવ્યા.
- દેહગામ તાલુકાના દેવકરણના મુવાડા ગામે કાકી-ભત્રીજીનું નાગણે ડંખ દેતાં મૃત્યુ થયાની ઘટનાએ જિલ્લામાં ચકચાર જગાવી છે.
- ગાંધીનગર શહેરમાં આજે વેક્સિનેશન અંતર્ગત ૪૩૦૦ લોકોને આવરી લેવામાં આવ્યા છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વેક્સિનેશન અંતર્ગત ૩૨૯૦ લોકોને આવરી લેવામાં આવ્યા છે.
- ગાંધીનગર શહેરમાં ઉકળાટ વધતાં લોકો ત્રાહિમામ્ પોકારી ઉઠ્યા છે. શહેરમાં વીજમાંગ અને પાણી પુરવઠાની માંગમાં વધારો થવા પામ્યો છે.
- જિલ્લામાં કોરોના કાળમાં અનાથ બનેલા બાળકો અંગેનો વિગતવાર અહેવાલ જિલ્લા તંત્રએ પંચાયત પાસે માંગ્યો છે.

# એપ્રિલ માસમાં બીજી લહેર વખતે રેડક્રોસ સોસાયટીએ વિવિધ સેવાઓ પૂરી પાડી

ગાંધીનગર, તા.૧૦

ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા કોરોના સંક્રમણને દ્વિતીય લહેર જ્યારે અત્યંત ઘાતક બની હતી તેવા એપ્રિલ માસમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. સંસ્થાની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર શહેરમાં મોટી સંખ્યામાં માસ્કનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં મુક્તિધામ ખાતે અંતિમક્રિયા માટે આવતા સ્વજનો નહીં પણ માસ્ક પૂરાં પાડવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત હોમ આઈસોલેશન થયેલા દર્દીઓના સગાઓને પીપીઈ કીટનું વિતરણ, મૃતકના મૃતદેહને પણ પીપીઈ કીટ પહેરાવી તેમના ઘરેથી સ્મશાન સુધી લાવી અંતિમક્રિયા સંપન્ન કરવાની સેવા, એક હજાર જેટલી સેનિટાઈઝરની બોટલોનું વિતરણ, ઓક્સિજન સિલિન્ડરની નિઃશુલ્ક સેવા, આયુર્વેદિક રોગપ્રતિકારક શક્તિવર્ધક ઉકાળાનું તથા ગોળીઓનું સતત વિતરણ, મુક્તિધામના સ્થાપને સવાર સાંજ ચા નાસ્તાનું વિતરણ કરવાની સેવાઓ વગેરે ઉપરાંત મુક્તિધામ સ્મશાનને મોટું ઓટોમેટિક સેન્સરવાળું સેનેટાઈઝર મશીન ભેટ આપવામાં આવ્યું હતું. આ સાથે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૨૧૮ યુવા રકતદાતાઓ દ્વારા રકતદાન કરાવાયું હતું તેમજ ઑક્સિજન સાથેની બે એમ્બ્યુલન્સ વાનની સેવા હજુ પણ કાર્યરત છે તેઓ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગાંધીનગર જિલ્લા શાખાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# માણસાની જનરલ હોસ્પિટલ ખાતે ઓક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ કરાયું

## ૧૨૫ કેવીએ ડીજી સેટનું નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરાયું

ગાંધીનગર

કોરોનાકાળમાં આપણે સૌ ઓક્સિજનની કિંમત સમજયા ૧૨૫૦ ટન જેટલી થઈ જતાં ઓક્સિજનની અછતનો માહોલ ઉભો થયો હતો.




છીએ. તેવું આજરોજ માણસા ખાતે જનરલ હોસ્પિટલમાં ઓક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ કરાવતાં રાજયના નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતુ કે, જયારે કોરોના ન હતો, ત્યારે રાજયમાં ૧૫૦ થી ૨૦૦ ટન ઓક્સિજનની વપરાશ હતી. કોરોનાની પ્રથમ લહેર વખતે આ જરૂરિયાત ૬૦૦ ટન સુધી પહોંચી ગઈ હતી. તે સમયે રાજય સરકારના સુચારું આયોજન થકી અછત માલૂમ પડી ન હતી. પરંતુ કોરોનાની બીજી ભયાનક લહેરમાં આ જરૂરિયાત બમણી એટલે કે

ઓક્સિજનના કારણે રાજયની કોઈપણ હોસ્પિટલમાં



દર્દીનું મૃત્યૃ થયું નથી, તેવું જણાવી તેમણે ઉમેર્યું હતું કે, કેન્દ્ર સરકારના સહયોગથી આપણે બીજી લહેરમાં ઓક્સિજનની જરૂરિયાતને સુચારું આયોજન કરી પહોંચી વળ્યા હતા. કોઈપણ દર્દી ઓક્સિજનના કારણે મૃત્યૃ ન પામે તે માટે એમ્બ્યુલન્સમાં દર્દીને રાખીને ઓક્સિજન આપવામાં આવ્યો છે.

કોરોનાની ત્રીજી લહેર ન આવે, તેવી પ્રભુને પ્રાર્થના કરી તેમણે કહ્યું હતું કે, ગુજરાત રાજયના સપૂત અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પી.એમ ફંડ માંથી આજે રાજયની હોસ્પિટલોમાં ઓક્સિજન પ્લાન્ટ ઉભા કરવામાં આવી રહ્યા છે, તો અનેક હોસ્પિટલમાં આ પ્લાન્ટ કાર્યરત પણ થઈ ગયા છે.

વતન પ્રેમની વાત કરતાં તેમણે ઉમેર્યું હતું કે, દેશના ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ, માણસાના વતની છે, તેઓ માણસાના વિકાસ કામોની હમેંશા ચિંતા કરે છે, તેની વિસ્તૃત વાત કરી હતી. તેમણે માણસાની જનરલ હોસ્પિટલમાં ઓસ્ટ્રેલિયામાં રહેતા અને માણસાના નવયુવાનોએ અર્પણ કરેલ ૧૨૫ કેવીએ ડીજી સેટ બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# અમદાવાદમાંથી પોલીસે ચાર મહિલાઓને ૨૧૪ બીયરના ટીન સાથે ઝડપી

અમદાવાદ,તા.૧૧

દારૂની ખેપ મારવા માટે હાઈપ્રોફાઈલ મહિલાઓની જેમ ટ્રેનમાં બેસીને અમદાવાદ આવતી ચાર યુવતીઓને કૃષ્ણનગર પોલીસે ૨૧૪ બીયરના ટીન સાથે ધરપકડ કરી છે. મહારાષ્ટ્રની ચારેય યુવતીઓ દારૂનો જથ્થો બેગમાં મુકીને ટ્રેનના અલગ અલગ કોચમાં બેસી જતી હતી અને અમદાવાદ આવીને બુટલેગરને દારૂનો જથ્થો આપતી હતી. મુસાફરી દરમિયાન એકબીજા સાથે વાત પણ કરતી ન હતી જેથી કોઈને શંકા ન જાય અને ફિલ્મી સ્ટાઈલે દારૂની હેરાફેરી કરનાર આ મહિલાઓ ઝડપાઈ જતા જે તે બુટલેગર સામે પણ કાર્યવાહી કરવાનું પોલીસે શરૂ કર્યું છે.

# ગેસ પાઈપલાઈન કનેક્શન માટે ચાર માસથી રઝળતા ગ્રાહકો

## સે.પમાં ગુજરાત ગેસની કચેરીએ ગ્રાહકોને ધરમધક્કા : નાણાં ભરાઇ ગયા હોવા છતાં કનેકશન ન મળતા પરેશાનીનો ભોગ બની રહેલા ગ્રાહકોને સંતોષકારક જવાબ પણ મળતો નથી

ગાંધીનગર તા.૧૧

ગાંધીનગરમાં નવું રાંધણ ગેસ પાઈપલાઈનનું કનેકશન મેળવવા માટે ગ્રાહકોને ત્રણ-ચાર મહિના પહેલા બુકિંગ કરાવ્યું હોય અને તેના નાણાં ભરી દીધા હોવા છતાં તેમને કનેકશન માટે રઝળવું પડી રહ્યું છે અને આવા ગ્રાહકો કનેકશન માટે સેકટર-૫ ખાતે



આવેલી ગુજરાત ગેસ કંપનીની ઓફિસે ધક્કા ખાઈ રહ્યા છે પરંતુ તેમને કોરોનાનું બહાનું ધરીને સંતોષકારક જવાબ આપવામાં આવતો નથી. આજે સવારે પણ અનેક ગ્રાહકો જેમાં ઘર બદલનાર અથવા નવા ઘરમાં ભાડે રહેવા આવ્યા હોય તેવા ગ્રાહકોને પોતાની અરજીનું શું થયું અને ક્યારે ગેસ પાઈપલાઈનનું કનેક્શન મળશે તેની માહિતી મેળવવા પહોંચ્યા હતા પરંતુ તેમને નિરાશા સાંપડી હતી.

સામાન્ય રીતે ગેસ પાઈપલાઈનના કનેક્શન માટે અરજી કરનારને મોડામાં મોડું ૯૦ દિવસમાં ગેસ પાઈપલાઈનનું કનેકશન આપી દેવાનું હોય છે પરંતુ ગાંધીનગરમાં ગુજરાત ગેસ કંપની જે અગાઉ જીએસપીસી તરીકે ઓળખાતી હતી તેમાં ગેસ પાઈપલાઈન કનેકશન માટે ત્રણથી ચાર મહિના અગાઉ અરજી કરીને તેના નાણાં ભરી દીધા હોવા છતાં તેમજ તમામ ડોક્યુમેન્ટ સહિત સંપૂર્ણ અરજી યોગ્ય હોવા છતાં હજુ સુધી ગેસ પાઈપલાઈનનું કનેક્શન આપવા માટે કંપની તરફથી કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી નથી, એટલું જ નહીં પરંતુ આ અંગે જ્યારે ગ્રાહકો કંપનીની ઑફિસે પોતાની અરજીનું સ્ટેટસ જાણવા માટે જાય છે ત્યારે તેમને સંતોષકારક જવાબ પ્રાપ્ત થતો નથી. ઘણીવાર તો ઑફિસના કર્મચારીઓ દ્વારા ઉડાઉ જવાબ આપી દેવામાં આવે છે તેમજ ગ્રાહકોને ઓફિસમાંથી બહાર નીકળી જવાનું પણ કહી દેવામાં આવે છે. મોટાભાગના ગ્રાહકોને કોરોનાનું બહાનું આગળ ધરીને તેમને પાઈપલાઈન કનેક્શન ક્યારે મળશે તે અંગે સ્પષ્ટ જવાબ આપવામાં આવતો નથી જેના કારણે ગ્રાહકોને વારંવાર ધરમધક્કા સાથે પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે. કેટલાંક કિસ્સામાં તો ગ્રાહકોના ઘર સુધી કે નજીકમાંથી જ પાઈપલાઈન પસાર થતી હોય જેમને કનેકશન આપવાનું કામ માત્ર દસ થી પંદર મિનિટ જેટલું જ હોવા છતાં ટેક્નિશિયન ટીમ ત્યાં સુધી પહોંચતી નથી. પ્રાપ્ત માહિતી અનુસાર ગત નવેમ્બર માસમાં જે ગ્રાહકોએ ગેસ પાઈપલાઈન કનેક્શન માટે અરજી કરી હતી તેમને પાઈપલાઈન કનેકશન અપાયા છે પરંતુ તે પછીના ગ્રાહકો ક્યારે કનેકશન મળશે તે બાબતે મીટ માંડીને બેઠા છે. કંપનીના અધિકારીઓ દ્વારા ખોરો ના કાળમાં વચ્ચે બે મહિના કામ બંધ રહ્યું હોવાથી વેઈટિંગ લિસ્ટ લાંબું હોવાનું સ્વીકારવામાં આવી રહ્યું છે જેના કારણે ઘર બદલનાર ખાસ કરીને ભાડુઆત વર્ગના ગ્રાહકોને વિશેષ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

# આગામી દિવસોમાં વરસાદી માહોલ રહેવાની હવામાન વિભાગની આગાહી

ગાંધીનગર,તા.૧૧

ગુજરાતમાં આગામી ૫ દિવસ વરસાદી માહોલ રહેવાની આગાહી કરવામાં આવી છે. ગુજરાતના નવસારી, વલસાડ, દીવમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે, જ્યારે સૌરાષ્ટ્રમાં સામાન્ય વરસાદ રહેશે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે અમદાવાદમાં ૧૫ જૂને વરસાદની આગાહી કરી છે. કચ્છમાં ચોમાસુ બેસતા વિલંબ થશે. ગુજરાતના વલસાડ ખાતે બુધવારે ચોમાસાની વિવિવત એન્ટ્રી થઈ ચુકી છે. દક્ષિણ ઓરિસ્સામાં સક્રિય થયેલી વરસાદની સિસ્ટમના કારણે દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી, દમણ અને દાદરા નગર હવેલી ખાતે ભારે વરસાદ પડવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે.

હવામાન ખાતાના જણાવ્યાં પ્રમાણે, આગામી પાંચ દિવસ સુધી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારમાં હળવાથી ભારે વરસાદ પડવાની શક્યતાઓ છે. જેમાં મુખ્યત્વે ભરૂચ, ડાંગ, નવસારી, સુરત, તાપી, વલસાડ, દમણ, દાદારા નગર હવેલી, આણંદ, રાજકોટ, ભાવનગર, ગીર સોમનાથ, જુનાગઢ, દીવ, પોરબંદર, અમરેલીમાં વરસાદ પડશે.

હવામાન ખાતાએ જારી કરેલી વિગતો પ્રમાણે, અમદાવાદ સહિત ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં આગામી પાંચ દિવસ સુધી વરસાદની કોઈ શક્યતાઓ જણાતી નથી. વલસાડ, નવસારીમાં સારો વરસાદ પડી રહ્યો છે આજે અમરેલીના રાજુલા તાલુકામાં પણ ધોધમાર વરસાદ વરસ્યો હતો. આ વખતે ગુજરાતમાં આગાહી કરતાં ૬ દિવસ ચોમાસું વહેલુ આવ્યું છે.

# દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ગામે મહિલા અને બાળકીને સાપે ડંખ મારતા મોત

દેવકરણના મુવાડા,તા.૧૧

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આવેલા દેવકરણના મુવાડાના પેટાપરા ગલાજીની મુવાડી રહેતી ૩૦ વર્ષીય મહિલા સુરેખાબેન પ્રહલાદજી સોલંકી સવારે છ વાગ્યાની આસપાસ ઘરમાં ચા બનાવતા હતા, ત્યારે ઝેરી જનાવર કરડી જતા ૧૦૮ ની મદદથી દહેગામ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પર ડોક્ટર દ્વારા મૃત જાહેર કરવામાં આવ્યા હતા. બીજી બાજુ મૃતક મહિલાના જેઠ ની દીકરી અનુબેન રણજીત સોલંકી ઉ. વ. ૭ ને આંગણામાં રમતી વખતે સવારે ૧૦ વાગ્યે ની આસપાસ નાગણ જેવા ઝેરી જનાવરે દંશ દેતા બાળકીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવી હતી, જ્યાં ફરજ પરના ડોક્ટરે બાળકીને મૃત જાહેર કરી હતી. આમ ચાર કલાકના સમયમાં કાકી અને ભત્રીજીનું મોત થતા પરિવારમાં માતમ છવાયો છે. લોકોના કહેવા મુજબ બે દિવસ અગાઉ મૃતકના મકાનની આસપાસ નાગ નીકળતાં લોકોએ મારી નાખ્યો હતો તેનો બદલો લેવા માટે નાગણે બે વ્યક્તિઓનો ભોગ લીધો છે. આ અંગે મૃતકના પરિવારના એક સભ્યનો સંપર્ક કરવામાં આવતા ઉપરોક્ત ઘટના સાચી હોવાની વાતને સમર્થન આપ્યું હતું. આમ ફિલ્મો અને સિરિયલોમાં બતાવવામાં આવતી નાગ અને નાગણ ના બદલાની ઘટના હકીકતમાં બની હોવાની સ્થાનિક લોકોમાં પણ ચર્ચાઓ થઈ રહી છે.

ઝેરી જનાવર કરડવાથી મોતને ભેટેલા ૩૦ વર્ષીય મહિલા સુરેખાબેન ના પતિ પ્રહલાદજી નું છ માસ અગાઉ કોઈ બીમારીથી મોત નીપજ્યું હતું. મજૂરી કરીને ગુજરાન ચલાવતા ત્રણ સંતાનો ની માતા સુરખાબેન ને વહેલી સવારે ચા બનાવવા જતાં ઘરમાંથી ઝેરી જનાવર કરડવાથી મોત થયું હતું. આમ છ મહિના પહેલા પિતાની છત્રછાયા ગુમાવનાર ત્રણ સંતાનો એ માતાની મમતા ગુમાવી છે.

દેવકરણના મુવાડા ગામના પેટાપરા ગલાજીની મુવાડી ગામે રહેતા પરિવાના કાકી – ભત્રીજીને નાગણે દંશ દેતાં બંનેના સારવાર મળે તે પહેલાં મોત નિપજ્યાં હતા. સવારે બાળકીને નાગણે દંશ દેતાં બૂમાબૂમ બાદ સ્થાનિકો એકઠા થઈ ગયા હતા અને બબ્બે વ્યક્તિનો ભોગ લેનાર નાગણને મોતને ઘાટ ઉતારી દીધી હતી.

# અમદાવાદ રિવરફ્રન્ટ મોર્નિંગ વોકર્સથી ઉભરાયુ

## પુન શરૂ થતા જ લોકો સવારે વોક કરવા માટે તથા સાયકલિંગ કરવા માટે પહોંચ્યા

અમદાવાદ,તા.૧૧

રાજ્યમાં ઘણા લાંબા સમય બાદ આજે બાગ-બગીચા, જિમ,મંદિરો અને હોટલ ૫૦ ટકાની ક્ષમતા સાથે ખૂલવા જઈ રહ્યાં છે. ત્યારે શહેરમાં બાગ-બગીચાને લઈને લોકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. અમદાવાદ શહેરનાં અલગ અલગ ગાર્ડનમાં લોકો વહેલી સવારથી જ વોકિંગ અને એક્સરસાઈઝ કરવા માટે ઊમટયા હતા. લોકો હવે પોતાનું સ્વાસ્થ્ય જળવાઈ રહે એ માટે અનેક પ્રકારની કસરત અને યોગા કરી રહ્યા હતા. નાના બાળકથી માંડીને વૃદ્ધ એમ તમામ વયના લોકો વહેલી સવારે ગાર્ડનમાં નજરે પડ્યાં હતાં. શહેરમાં લૉ ગાર્ડનમાં કસરત કરવા માટે આવેલા નાનુભાઈએ વાતચીતમાં જણાવ્યું હતું કે તેઓ દોઢ વર્ષ બાદ આજે ગાર્ડનમાં આવ્યા છે. ગાર્ડનમાં આવ્યો તો આજે કાશ્મીર જેવો અનુભવ થયો. અહીંની હરિયાળી, શુદ્ધ ઓક્સિજન અને લોકોના મુખ પર સ્મિત જોઈને જે આનંદ થયો છે એની વાત જ કંઈક અલગ છે. હું ઘણાં વર્ષોથી અહીં આવું છું. હું રેગ્યુલર સાઈકલ ચલાવું છું, સ્વિમિંગ કરું છું. કસરત સાથે મિત્રો સાથેની મુલાકાતમાં જ અનેરો આનંદ મળે છે.